## (1) RBIના વાર્ષિક રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) 1 લાખ કે તેથી વધુ કિંમતની છેતરપિંડીમાં ઘટાડો જોવા મળ્યો છે.

(2) શહેરી ઉપભોગ માંગમાં ઘટાડો થયો છે.

(3) ગ્રામ્ય માંગમાં સારું પ્રદર્શન જોવા મળ્યું છે.

(4) કોર્પોરેટ કરમાં ઘટાડાનો કારણે રોકાણચક્ર પુનઃશરૂ થઈ રહયું છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (3) અને (4) (D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ RBI દ્વારા નાણાકીય વર્ષ 2019-20 માટેનો વાર્ષિક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે.

⇛ રિપોર્ટમાં બેંકના નાણાકીય સ્વાસ્થ્ય, બેંક દ્વારા જોખમોને ટાળવાની પ્રવૃત્તિ, બેંક છેતરપિંડી, ધીમી આર્થિક રિકવરી વગેરે જેવા મુદ્દાઓ વિશે ચર્ચા કરવામાં આવી છે.

⇛ વર્ષ 2019-20માં 1 લાખ કે તેથી વધુ કિંમતની છેતરપિંડીનું બેંક દ્વારા કરવામાં આવેલું રિપોર્ટીંગ બમણા કરતા પણ વધી ગયું છે. મોટા ભાગની છેતરપિંડી લોન ક્ષેત્રે જોવા મળી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ શહેરી ઉપભોગ માંગમાં ઘણોખરો ઘટાડો જોવા મળ્યો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ઘરેલું વેપાર પ્રવૃત્તિના માપદંડ તરીકે ઈ–વે બિલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

⇛ સારા ખરીફ પાકના વાવેતરના કારણે ગ્રામ્ય માંગે સારું પ્રદર્શન કરેલું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ 2019માં કોર્પોરેટ કરમાં ઘટાડો કરવામાં આવ્યો હોવા છતાં ધારણા મુજબ રોકાણચક્ર પુનઃશરૂ થયું નથી. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (2) રાષ્ટ્રીય શુદ્ધ હવા કાર્યક્રમ (NCAP) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ કાર્યક્રમ પર્યાવરણ મંત્રાલય દ્વારા લોંચ કરવામાં આવ્યો હતો.

(2) આ કાર્યક્રમનો હેતુ 5 વર્ષમાં PM10, PM2.5 અને તેનાથી નાના કદના પ્રદૂષકોને 20% જેટલો ઘટાડવાનો છે.

(3) આ માટે આધાર વર્ષ 2019 છે.

(4) આ કાર્યક્રમ 1 લાથી વધુ વસતી ધરાવતાં શહેરોમાં લાગુ કરવામાં આવશે.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)  (D) આપેલ તમામ

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) દ્વારા પર્યાવરણ મંત્રાલયને રાષ્ટ્રીય શુદ્ધ હવા કાર્યક્રમમાં કેટલાંક સુધારાઓ કરવા માટે સૂચન કર્યું છે.

⇒ આ કાર્યક્રમ જાન્યુઆરી 2019માં પર્યાવરણ મંત્રાલય દ્વારા લોંચ કરવામાં આવ્યો હતો. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ આ એવો પ્રથમ પ્રયત્ન છે કે જેમાં હવાની ગુણવત્તાના નિયમન માટે રાષ્ટ્રીય ફ્રેમવર્ક થકી સમય આધારીત લક્ષ્યો રાખવામાં આવ્યા હોય.

⇒ આ કાર્યક્રમનું લક્ષ્ય આવનારા 5 વર્ષમાં PM10, PM2.5 અને તેનાથી નાના કદના પ્રદૂષકોની માત્રામાં 20% જેટલો ઘટાડો કરવાનું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ આ લક્ષ્ય માટેનું આધારવર્ષ 2017 છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ આ કાર્યક્રમ 23 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 102 નોન–અટેઈનમેન્ટ શહેરોમાં લાગુ કરવામાં આવી રહયો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) APEDA વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેનું પૂરુંનામ Agricultural Price and Export Development Authority છે.

(2) આ સંસ્થા કૃષિ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

(3) તેનું કાર્ય સૂચિત કરેલ પેદાશની નિકાસને પ્રોત્સાહન આપી તેનો વિકાસ કરવાનું છે.

(4) આ સંસ્થા એકસપોર્ટ ડેવલપમેન્ટ કાઉન્સીલના સ્થાને આવેલી છે.

(A) માત્ર (1) (B) માત્ર (2) અને (4)

(C) માત્ર (3) (D) આપેલ તમામ

⇒ જવાબ :- C

**સમજૂતી :**

⇒ APEDAનું પૂરુંનામ Agricultural and Processed Food Products Export Development Authority છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ તેની સ્થાપના APEDA એકટ, 1985 હેઠળ કરવામાં આવેલી છે.

⇒ આ સંસ્થાએ Processed Food Export Promotion Council (PFEPc)નું સ્થાન લીધેલું છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇒ આ સંસ્થા કોમર્સ અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ આ સંસ્થાનું કાર્ય કેટલાંક સૂચિત ફળ, શાકભાજી, માંસ વગેરે જેવી પેદાશોની નિકાસને પ્રોત્સાહન આપી તેનો વિકાસ કરવાનું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ APEDAની અન્ય એક જવાબદારી ખાંડની આયાત પર ધ્યાન રાખવાની છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(4) એસ્ટ્રોસેટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તે IRS શ્રેણીનો ઉપગ્રહ છે.
(2) તેને PSLV દ્વારા લોંચ કરવામાં આવ્યો હતો.
(3) તેને 650kmની વિષુવવૃત્ત નજીકની કક્ષામાં રાખવામાં આવ્યો છે.
(4) તેની મુખ્ય વિશેષતા છે કે તે વિવિધ અવકાશી પદાર્થોના મલ્ટીવેવલેન્થ ઓબ્ઝર્વેશન લઈ શકે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (4) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં વૈજ્ઞાનિકોની એક ટીમ દ્વારા વિશ્વની સૌથી પહેલાં બનેલી ગેલેક્સી પૈકી એકની શોધ કરી છે. આ માટે એસ્ટ્રોસેટનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

⇛ એસ્ટ્રોસેટ ભારતનો IRS (ઈન્ડિયન રિમોટ સેન્સીંગ) શ્રેણીનો ઉપગ્રહ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ ઉપગ્રહને ઈસરો દ્વારા 2015માં PSLV રોકેટ મારફતે લોંચ કરવામાં આવ્યો હતો. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ ઉપગ્રહ વિષુવવૃત્ત નજીકની 650kmની કક્ષામાં સ્થિત છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે ભારતની પ્રથમ ડેડીકેટેડ મલ્ટીવેવલેન્થ સ્પેસ ઓબ્ઝર્વેટરી છે.

⇛ તે અવકાશી પદાર્થોના મલ્ટીવેવલેન્થ ઓબ્ઝર્વેશન લઈ શકે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) વામન આકાશગંગા (Dwarf Galaxy) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ આકાશગંગાની સંખ્યા બ્રહ્માંડમાં સૌથી વધુ છે.
(2) આવી દરેક આકાશગંગામાં તારાઓનું નિર્માણ મોટી આકાશગંગાની સાપેક્ષે ખૂબ ધીમું થતું હોય છે.
(3) આ પ્રકારની આકાશગંગાને શોધવી સરળ હોય છે.
(4) તેમનું કદ નાનું હોવા છતાં તેની જ્યોતિતીવ્રતા (Luminosity) ખૂબ વધુ હોય છે.

(A) માત્ર (1)
(B) માત્ર (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) માત્ર (1) અને (3)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ARIES સંસ્થાના ખગોળશાસ્ત્રીઓએ વામન આકાશગંગામાં તીવ્ર રીતે થતાં તારાઓના નિર્માણનું કારણ શોધ્યું છે.

⇛ ARIESનું પૂરુંનામ આર્યભટ્ટ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓબ્ઝર્વેશનલ સાયન્સ છે.

⇛ બ્રહ્માંડમાં વામન આકાશગંગાઓ સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ આકાશગંગાને શોધવી કઠિન હોય છે. કારણ કે, તેના કદ, દળ નાના હોય છે તથા જ્યોતિતીવ્રતા પણ ઓછી હોય છે. (આથી, વિધાન (3) અને (4) ખોટાં છે.)

⇛ આ પ્રકારની મોટાં ભાગની આકાશગંગામાં તારાઓનું નિર્માણ પ્રમાણમાં ધીમું થતું હોય છે. પરંતુ કેટલીક વામન આકાશ ગંગામાં તારાઓનું નિર્માણ આપણી આકાશગંગા કરતાં પણ 10થી 100 ગણી ઝડપે થતું જોવા મળે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT